ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૭ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૧૮ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં સ્વાસ્થ્યવર્ધક 'જાંબુ'ની ભરપુર આવક

ઉનાળાની ગરમીથી રાહત મેળવવામાં આ ફળ ખૂબ ફાયદાકારક છે

ગાંધીનગર, તા.૧૦

શહેરમાં ઉનાળાની મોસમમાં માર્કેટમાં જાંબુનું આગમન થઈ ચૂકયું છે. આવકની સાથે સાથે તેની ખરીદી પણ જોવા મળી રહી છે. જાંબુ આમતો વરસાદના પહેલા ઝાપટાં બાદ પાકે છે પરંતુ અમુક જાત ના જાંબુની આવક ઉનાળામાં જ થઈ જાય છે તેથી હાલમાં માર્કેટમાં જાંબુની ભરપુર આવક થઈ ચૂકી છે.

જો હવામાનમાં પરિવર્તન આવે છે, તો તે આપણા સ્વાસ્થ્યને પણ અસર કરે છે. માર્ગ દ્વારા, દરેક સીઝનમાં સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓ ઉભી થાય છે. તે જ રીતે, ઘણી બીમારીઓ ઘણીવાર ઉનાળાની ઋતુમાં શરીરને તેની પકડમાં લે છે. ઉનાળાની ઋતુ શરૂ થઈ ગઈ છે અને આ મોસમમાં લોકો તેમના સ્વાસ્થ્યની સંભાળ રાખવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવે છે. ઉનાળાની ઋતુમાં આવી વસ્તુઓનું સેવન કરવું જોઈએ જેથી શરીર ઉર્જાવાન રહે.

ઉનાળાની ઋતુમાં પોતાને ઉર્જાસભર રાખવું જરૂરી છે જેથી આપણું શરીર મજબૂત રહે. જો ઉનાળાની ઋતુમાં આ ફળનું સેવન કરવામાં આવે તો તમને એક કરતાં અનેક ફાયદાઓ મળશે.

તેનાં રસ ઝરતાં ફળોની એક ખૂબ જ મહત્વપૂર્ણ આયુર્વેદિક ઔષધિ માનવામાં આવે છે. આ નાના ફળમાં ઔષધીય ગુણધર્મો સમૃદ્ધ છે, જેમાં એન્ટિબાયોટિક્સ, પાચક અને લોહી સાફ કરનારા પોષક તત્વો છે. જો ઉનાળાની ઋતુમાં તેનાં રસ ઝરતાં ફળો ખાય છે, તો તે ઘણા ફાયદા પ્રદાન કરે છે.

● જાંબુ લીવર માટે ફાયદાકારક

જો તમે તમારા યકૃતને મજબૂત રાખવા માંગતા હો, તો ચોક્કસપણે તેનાં રસ ઝરતાં ફળો પીવો. જાંબુને પાચનમાં ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. જો જાબુનું સેવન કરવામાં આવે તો

ગેસ અને કબજિયાત જેવી સમસ્યાઓ દૂર થાય છે. જાંબુ ખાવાથી પેટનો રોગ પણ મટે છે.

● જાંબુ ડાયાબિટીઝના દર્દીઓ માટે ફાયદાકારક

જાંબુને એક એવું ફળ માનવામાં આવે છે જે ડાયાબિટીઝના દર્દીઓ માટે ખૂબ ફાયદાકારક છે. જો ડાયાબિટીઝના દર્દીઓ તેનાં રસ ઝરતાં ફળોનીનું સેવન કરે છે, તો પછી તેમને તેમના રોગમાં ફાયદો મળે છે. ડાયાબિટીઝના દર્દીઓ કોઈપણ સમસ્યા વિના જાંબુનું સેવન કરી શકે છે. તેનાં રસ ઝરતાં ફળોની સાથે, જાંબુ કર્નલોનો ઉપયોગ ડાયાબિટીઝના દર્દીઓ માટે પણ થઈ શકે છે. તમે જાંબુના ઠળિયાને સૂકવવા અને તેમને સંપૂર્ણપણે પીસીને પછી તેનું સેવન કરો. આ કરવાથી તમને ડાયાબિટીઝમાં રાહત મળશે.

● જાંબુ મોંના ચાંદાને દૂર કરવા માટે ફાયદાકારક

ઉનાળાની ઋતુમાં, ઘણા લોકોમાં અલ્સરની સમસ્યા શરૂ થાય છે. આ સ્થિતિમાં, જો જામુનનો ઉપયોગ કરવામાં આવે તો, તેનાથી મોંના ફોલ્લાઓ દૂર થાય છે. જો મોમાં છાલ આવે તો તમે તેનાં રસ ઝરતાં ફળોનીનો રસ લગાવી શકો છો. આ સિવાય જાંબુનું સેવન કરવાથી મો ના અલ્સરની સમસ્યા પણ દૂર થાય છે.

● જાંબુના સેવનથી ભૂખ વધે છે

ઘણીવાર એવું જોવામાં આવ્યું છે કે ઉનાળાની ઋતુમાં ઘણા લોકોને ભૂખ ઓછી થવાની સમસ્યાનો સામનો કરવો પડે છે. જો તમે તમારી ભૂખ વધારવા માંગતા હો, તો આવી સ્થિતિમાં તમે ઉનાળામાં જાંબુનું સેવન કરી શકો છો. તેનાં રસ ઝરતાં ફળોની આવા તત્વોમાં જોવા મળે છે જે પાચન તંત્રને સુધારવામાં મદદ કરે છે. તેનાં રસ ઝરતાં ફળોની સેવનથી પેટ સાફ રહે છે અને ભૂખ ઓછી થવાની સમસ્યા પણ દૂર થાય છે.

● જાંબુ પથ્થરીના દર્દીઓ માટે ફાયદાકારક

જેમને પથરીની સમસ્યા હોય છે તેના માટે જાંબુનું સેવન કરવું ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. ચાલો આપણે તમને જણાવી દઈએ કે જાંબુનો ઉપયોગ પથ્થરીની દવા તરીકે પણ થઈ શકે છે. જો તમે જાંબુના ઠળિયાં ને પીસીને દહીં સાથે ખાશો તો પથ્થરીની સમસ્યાથી રાહત મળે છે.

જન્મદિને વધામણી

સ્નેહલ એ. શાહ
મો. ૯૯૦૯૦ ૨૫૨૫૮

કિષ્ણાકુમારી ગિરીશ આર્ય
મો. ૯૯૦૪૫૦૧૭૫૫

કાનલ ઉપાધ્યાય
મો. ૯૯૯૮૯ ૯૯૯૩૨

પ્રજાપતિ આશિષભાઈ એ
રેડક્રોસ, ગાંધીનગર

જાની રૂપલબેન એ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

જે.એમ. ચૌધરી વિદ્યાલય ખેલમહાકુંભની ખોખો સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજેતા

ગાંધીનગર, તા.૧૦

જે.એમ. ચૌધરી વિદ્યાલયના ખેલાડીઓએ ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની ખોખોની સ્પર્ધામાં પ્રથમસ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેમાં સર્વે ખેલાડીઓએ ચૌધરી અંજનાબેન, ચૌધરી ભાવનાબેન તથા ચૌધરી હંસાબેન પાસેથી પ્રશિક્ષણ મેળવ્યું હતું. તમામ ખેલાડીઓને આચાર્ય ઈજુબેન ચૌધરી તથા કર્મચારી ગણે અભિનંદન પાઠવ્યા હતા.

આજે સે-૭-એ બગીચા ખાતે યોગ શિબિર

ગાંધીનગર, તા.૧૦

સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૧૧ મે ના રોજ સવારે ૬થી ૭ કલાકે સેકટર-૭-એના બગીચામાં યોજાશે. સર્વે શહેરીજનોએ આ યોગ શિબિરનો લાભ લેવા સે-૭-એ વસાહત મંડળના પ્રમુખ જયશ્રીબેન રાવલ અને જશવંત ગાંધી (પ્રમુખ) દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ યોગ શિબિરમાં યોગ શિક્ષક ડૉ. પરાગી ગાંધી દ્વારા યોગ કરાવવામાં આવશે.

ખેલો ઈન્ડીયા યુનિવર્સીટી ગેમ્સમાં ગુજરાતના ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી ૨ સિલ્વર મેડલ હાંસલ કર્યા

ગાંધીનગર, તા.૧૦

ફોઈલ ટીમ ઈવેન્ટમાં અમરસિંહ ઠાકોરે લવલી પ્રોફેશનલ યુનિવર્સીટીનું પ્રતિનિધિત્વ કરી સિલ્વર મેડલ મેળવેલ છે. તેમજ ઈપી ટીમ ઈવેન્ટમાં સિધ્ધરાજસિંહ સરવૈયા, હર્ષવર્ધનસિંહ ઝાલા, કરણકુમાર ભાટ અને દિવ્યરાજસિંહ ગોહિલે એસ.પી. યુનિવર્સીટીનુ પ્રતિનિધિત્વ કરી સિલ્વર મેડલ મેળવેલ છે. અત્રે ઉલ્લેખની છે કે, ખેલો ઈન્ડીયા યુનિવર્સીટી ગેમ્સમાં ભાગ લેવા ગુજરાતના ૨૦ ખેલાડી ભાઈઓ-બહેનો ક્વોલીફાય થયા છે. અને એલ.પી. યુનિવર્સીટી, એસ.પી. યુનિવર્સીટી અને એચ.એન.જી.યુ. નું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

અત્રે નોધનીય છે કે, અમરસિંહ ઠાકોરે ઓલ ઈન્ડીયા યુનિવર્સીટી ચેમ્પિયનશીપમાં ૨૦૧૯-૨૦મા બ્રોન્ઝ મેડલ અને ૨૦૨૧-૨૨માં સિલ્વર મેડલ મેળવેલ છે.

વધુમાં જણાવવાનું કે, આ તમામ ખેલાડીઓ મેન્ટર ભરતજી ઠાકોર અને કોચ રોશન થાપા અને અનિલકુમારના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી રહ્યા છે. આ મેડલ વિજેતા તમામ ખેલાડીઓ, કોચીઝ અને ફેન્સીગની સમગ્ર ટીમને એમેચ્યોર ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મુકેશભાઈ ચૌધરી અને મંત્રી ભરતજી ઠાકોર દ્વારા અભિનંદન પાઠવેલ છે.

આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર દ્વારા સ્પોકન ઈંગ્લીશ કોર્સનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

હાલના સમયમાં અંગ્રેજી ભાષા એક અગત્યની અને ફરીજીયાત ભાષા બનતી જાય છે અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને તેમાં અવાર-નવાર તકલીફ પડતી રહેતી હોઈ છે. તેથી તેના ઉકેલ રૂપે પેથાપુર ખાતે આવેલ આર્ચડાયોસીસ ઓફ ગાંધીનગર સંસ્થા દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ની પરિક્ષા પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ માટે સ્પોકન ઈંગ્લીશ કોર્સનું આયોજન કર્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૯૧ વિદ્યાર્થીઓએ હર્ષભેર ભાગ લીધો હતો અને અંગ્રેજી ભાષા ઉપર પોતાનું પ્રભુત્વ દર્શાવ્યું હતું. સમગ્ર કોર્સ દરમ્યાન વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા લખતા, વાંચતા અને બોલવા અંગેની પૂર્ણ તાલીમ પૂરી પાડવામાં આવી હતી. તથા વિદ્યાર્થીઓનાં ભાવી ઘડતર માટે વ્યક્તિત્વ વિકાસ અંગેની પણ તાલીમ આપવામાં આવી હતી. જેમાં અનુભવી શિક્ષકો દ્વારા તાલીમો પૂર્ણ કરવામાં આવી હતી. સમગ્ર કોર્સ સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ સંસ્થા, તેમના નિયામકશ્રી અને સ્ટાફના સહયોગથી પૂર્ણ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન દ્વારા ત્રિદિવસીય સ્વ-રક્ષણ વર્કશોપ-૨૦૨૨નું આયોજન

ગાંધીનગર, તા.૧૦

મહિલાઓ, દિકરીઓ અને ભાઈઓમાં રહેલા ડરને દૂર કરવા માટે સેક્ટર-૨૧ ખાતે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન, મિલાપ ટાટારિઆ અને ફિઝીયો વર્લ્ડ દ્વારા તા. ૨૦ થી ૨૨ મે નાં રોજ સાંજે ૪:૦૦ થી ૫:૩૦ કલાક દરમિયાન ત્રિદિવસીય સ્વ-રક્ષણ વર્કશોપ ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે સંસ્થાનાં સેક્રેટરી મિલાપ ટાટારિઆ જણાવી રહ્યાં છે કે, હાલના સમયમાં મહિલાઓ અને દિકરીઓની છેડતી થાય છે ત્યારે અસામાજિક તત્ત્વોમાં ફસાયા હોય તો કેવી રીતે છૂટવું, કયા કયા સાધનોનો ઉપયોગ કરવો તેમજ કંઈ વસ્તુઓનો ઉપયોગ કરી અને પોતાનું રક્ષણ કરવું એ સમગ્ર ત્રિદિવસીય સ્વ-રક્ષણ વર્કશોપમાં તાલીમ આપવામાં આવશે સાથે વધુ માહિતી માટે ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૭૪૦૫૨૬૭૭૨૭ પર નામ નોંધાવી લેવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

ગુજરાત રત્ન ગૌરવ એવોર્ડ સર્જન-સમર્પણના સર્જક અને જાણીતા કલાકાર એવા પ્રવિણ પટેલ ઉર્ફે લાલી, જેઓએ ભારતના તથા ગુજરાતનાં તમામ પ્રસિદ્ધ રાજનેતા, સમાજસેવી તથા ધાર્મિક વડાઓના પોસ્ટર બનાવેલા છે તેમજ ગીતાના દરેક શ્લોક ઉપર યોગના રેખાંકન દોરી ચિત્રોના વિસ્તૃત ગહન ચિંતન શ્લોક સાથેનું વર્ણન કરતું પુસ્તક પ્રસિદ્ધ કરેલ છે. તેઓએ નગરના જાણીતા ધારાશાસ્ત્રી ડૉ. અશ્વિન ત્રિવેદીના કાર્યાલય પર શુભેચ્છા મુલાકાત લઈ તેમની પ્રવૃત્તિની જાણકારી આપી શુભેચ્છા પાઠવી હતી.

નૃસિંહ જયંતિ નિમિત્તે શ્રી ગોવર્ધનનાથજી હવેલી મંદિરમાં દર્શનનો સમય

ગાંધીનગર, તા.૧૦

શ્રી ગોર્વધનનાથજી હવેલી મંદિર, સેકટર-૨૧ ખાતે વૈશાખ સુદ ૧૪, તા.૧૫ ને રવિવાર નૃસિંહ જયંતિ વ્રત નિમિત્તે સવારના દર્શનનો સમય રાબેતા મુજબ રહેશે અને સાંજ ના દર્શનનો સમય ઉત્થાપન : ૦૫ =૦૦ થી ૦૫=૩૦, સંધ્યા આરતી (પંચામૃત) : ૦૫=૩૦ થી ૦૬=૦૦, શયન આરતી : ૦૭=૦૦ થી ૦૭=૩૦ રહેશે. સર્વે વૈષ્ણવો ને નોંધ લેવા અખબારી યાદીમાં જણાવાયું છે.

સુથાર સમાજનો ૨૭મો શૈક્ષણિક સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

સમગ્ર ગુજરાત સુથાર સમાજનો ૨૭મો શૈક્ષણિક સમારંભ યોજાયો હતો. જેમાં સમગ્ર ગુજરાત સુથાર સમાજના મેવાડા, ગજ્જર, વૈશ્ય, પંચોળી સુથાર જ્ઞાતિજનોનું રાજયસ્તરીય વાર્ષિક સંમેલન કમ વાર્ષિક સાધારણ સભા તથા વિશિષ્ટ વ્યકિતઓનો સન્માન સમારોહ સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં નિરવભાઈ મેવાડા, નિખીલભાઈ ગજ્જર, કનુપ્રસાદ મિસ્ત્રી, ગૌતમભાઈ સુથાર, અતુલભાઈ મિસ્ત્રી, રમેશભાઈ મિસ્ત્રી, પિયુષભાઈ મિસ્ત્રી, મંત્રી સંજય ગજ્જર સહિત અન્ય સમાજના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સમાજના તેજસ્વી તારલાઓને આશિષ સુથાર, પ્રકાશભાઈ ગજ્જર, અમૃતભાઈ મિસ્ત્રી, બળદેવભાઈ મિસ્ત્રી, જગદીશભાઈ મિસ્ત્રી, સુરેશભાઈ મિસ્ત્રી, ભરતભાઈ સુથાર, ભદ્રેશભાઈ સુથાર વિગેરેના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમારોહનું સંચાલન મંત્રી સંજય ગજ્જર અને રન્નાબેને કર્યું હતું.

પ્રમુખ સ્વામી મહારાજે માનવ ઉત્કર્ષના કાર્યમાં કૃષિને મહત્વનું સ્થાન આપ્યું હતું

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ તેમજ બં.અ. કૃષિ મહાવિદ્યાલયના અમૃત મહોત્સવ નિમિત્તે આર્ષ શોધ સંસ્થાન ગાંધીનગરના સહયોગથી 'કૃષિમહર્ષિ : પ્રમુખસ્વામી મહારાજ' વિષય પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૦

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ તેમજ બં.અ. કૃષિ મહાવિદ્યાલયના અમૃત મહોત્સવ નિમિત્તે પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના બહુપરિમાણીય વ્યકિતત્વને જુદા-જુદા દૃષ્ટિકોણથી મૂલવતી અને તેઓના દિવ્ય જીવન કાર્યને અર્ઘ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શૃંખલાઓ સમગ્ર વિશ્વમાં ચાલી રહી છે. જે અંતર્ગત બં.અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "કૃષિમહર્ષિ : પ્રમુખસ્વામી મહારાજ" એ વિષય પર તા.૧૦-૦૫-૨૦૨૨ના રોજ ઓડિટોરીયમ, બીએસીએ, આકૃયુ, આણંદ ખાતે સવારે ૯.૩૦ થી બપોરે ૧૨ દરમ્યાન વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે. બી. કથીરીયા, વક્તા તરીકે આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામક ડૉ. પ્રો. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી તથા દ્વિતીય વક્તા તરીકે બીએસીએના પ્રાધ્યાપક અને વડા, ડૉ. એમ. જે. પટેલ, ડાયરેકટર ઓફ એજ્યુકેશન, ડૉ. એચ. બી. પટેલ, આણંદ કૃષિ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. ગૌતમ પટેલ તેમજ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, આણંદના કોઠારી પૂ. ભગવતચરણદાસ સ્વામી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતાં.

"કૃષિમહર્ષિ : પ્રમુખસ્વામી મહારાજ" વિષયક વકતવ્ય રજૂ કરતા પૂજય શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ જણાવ્યું કે, " બીએપીએસ સંસ્થાની ૧૬૦ કરતા વધારે માનવ ઉત્કર્ષના કાર્યમાં તેમણે કૃષિક્ષેત્રને પણ મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજના વચને તેમને વિચરણમાં આવતા અનેક ગામોના ખેડૂતોને તેમણે કૃષિ વિષયક આગળો વિચાર આપીને પરંપરાગત તેઓની પાક લેવાના અભિગમને નવી દિશા આપી પાકના નવા પ્રયોગો સૂચવ્યા હતા અને તે ખેડૂતોને લાભદાયી નિવડ્યા હતા. ૧૯૮૬-૮૮ના ગુજરાતના ભીષણ દુષ્કાળમાં પ્રમુખસ્વામી મહારાજે કેટલ કેમ્પ (પશુ કલ્યાણ કેન્દ્ર)માં ૬૨૧૦ પશુઓને ૪ કેટલ કેમ્પોમાં સાચવીને હજારો ઢોરોને સાચવ્યા હતા.

પાણીના સંગ્રહ માટે અનેક ચેકડેમ, કૂવા રિચાર્જના કામો કરાવ્યા. કૂવા રિચાર્જ માટે પ્રમુખ સ્વામી અવારનવાર ખેડૂતોને વ્યક્તિગત સમજાવતા. સંતોની શિબિરમાં પણ સંતોને આદેશ આપ્યો કે તેઓ ગામડે વિચરણ કરવા જાય ત્યારે ખેડૂતોને કૂવા રિચાર્જની વાત સમજાવે.

તાલુકે-તાલુકે ખેડૂત સંમેલન કરાવ્યા તેમાં બાગાયતી ખેતી કરે, પોતાના મકાનની આજુબાજુ પ્રત્યેક ખેડૂત ૧૦-૧૦ વૃક્ષો વાવે. જયાં જયાં પ્રમુખસ્વામી મહારાજને તક મળી છે. ત્યારે ત્યારે ખેતીને, પશુઓને, વૃક્ષોને સાચવવાની પ્રેરણાઓ આપી છે.

"કૃષિમાં બીએપીએસ સંસ્થામાં પ્રમુખસ્વામી મહારાજ પ્રદાન" વિષયક વકતવ્ય રજૂ કરતા દ્વિતીય વક્તા ડૉ. એમ. જે. પટેલે બીએપીએસનાં વિવિધ ફાર્મમાં લેવામાં આવતા વિવિધ પાકો તેની વિશેષતા અને ત્યાંના મેનેજમેન્ટની વિશેષતા પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરી હતી. બીએપીએસના વિવિધ ફાર્મમાં ૬૦૦ એકરમાં ડ્રીપ છે.

આણંદ મંદિરના કોઠારી પૂ. ભગવતચરણદાસ સ્વામીએ પ્રાસંગિક વકતવ્યમાં જણાવ્યું કે, પૂજ્ય મહંતસ્વામી મહારાજ આ કોલેજના વિદ્યાર્થી હતા તે દરમ્યાન ટ્રેનમાંથી પસાર થતા યોગીજી મહારાજ બોલ્યા હતા "જય વિનુભાઈની કોલેજ" ડાકોર ફાર્મમાં ઓર્ગેનીક ખેતી થાય છે તે પણ આણંદ કૃષિ યુનિવર્સિટીના અધ્યાપકોની સલાહ અનુસાર વૈજ્ઞાનિક ઢબે થાય છે.

આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ અધ્યક્ષ ડૉ. કે. બી. કથીરીયાએ પ્રાસંગિક વકતવ્યમાં જણાવ્યુ હતું કે "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત આ કાર્યક્રમ વિશેષ છે. ખેતીમાં આવક કરતા આવા ફિજૂલ ખર્ચ નુકશાનકારક છે ખેડૂત મિત્રોને વ્યસન મુકત કરવા આજના સમયમાં ખૂબ જરૂરી છે.

કાર્યક્રમનું આણંદ કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર અને બીએપીએસ સંસ્થાની પ્રેરણાસેતુ એપ પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદના એસોસિએટ પ્રોફેસર ડૉ. મહેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને સભાના અંતમાં બીએસીએના પ્રાધ્યાપક અને વડા ડૉ. ડી. બી. સિસોદીયાએ આભારવિધિ કર્યો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ભાવસાર બંસીલાલ પરસોત્તમદાસ,** ઉ.વ. ૮૦, સેકટર-૩
- **સ્વ. ઠાકોર મહોતાજી દમાજી,** ઉ.વ. ૪૦, બોરીજ
- **સ્વ. વણઝારા ભરતભાઈ હિરાભાઈ,** ઉ.વ. ૪૫, ધોળાકુવા
- **સ્વ. ભાવસાર કુણાલ અરૂણકુમાર,** પેથાપુર
- **સ્વ. પ્રજાપતિ હસમુખભાઈ ડાહ્યાભાઈ,** ઉ.વ. ૪૯, કોલવડા